બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ 2021-22માં ધોરણ 7માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

ધોરણ 7

# ગુજરાતી





## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
*સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,*
*સમગ્ર શિક્ષા, ગાંધીનગર*

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
*સચિવ, સમગ્ર શિક્ષા*

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
*એએસપીડી, સમગ્ર શિક્ષા*

**ડૉ. ટી. એસ. જોષી**
*નિયામક, જીસીઈઆરટી*

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
*સમગ્ર શિક્ષા*

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

મિનેશકુમાર વાળંદ
તૃપ્તિ વાઘેલા
મિનેશભાઈ પંચાલ
મનીષભાઈ સુથાર
મહંમદરફીક મનસુરી
ભરતભાઈ બગોદરિયા
શૈલેષ બાવા (પ્રાચાર્ય)
દક્ષાબેન ખડાયતા

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




**ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ**

BISAG

**www.vande.gujarat.gov.in**

VANDE GUJARAT

**બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.**

DIKSHA
https://diksha.gov.in/

YouTube
Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT

# બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

## જ્ઞાનસેતુ

## ધોરણ 7

# ગુજરાતી










ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ ‘જ્ઞાનસેતુ’ સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિંગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ ‘જ્ઞાનસેતુ’ સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ ‘જ્ઞાનસેતુ’ સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# 'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્યત્તિની સમજ માટે આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્યત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ચાલો યાદ કરીએ... | 1 |
| 2. | કદમ - ૧ | 5 |
| 3. | કદમ - ૨ | 9 |
| 4. | કદમ - ૩ | 12 |
| 5. | કદમ - ૪ | 16 |
| 6. | કદમ - ૫ | 20 |
| 7. | કદમ - ૬ | 23 |
| 8. | કદમ - ૭ | 27 |
| 9. | કદમ - ૮ | 31 |
| 10. | કદમ - ૯ | 35 |
| 11. | કદમ - ૧૦ | 40 |
| 12. | કદમ - ૧૧ | 44 |
| 13. | કદમ - ૧૨ | 48 |
| 14. | કદમ - ૧૩ | 52 |
| 15. | કદમ - ૧૪ | 55 |
| 16. | કદમ - ૧૫ | 61 |
| 17. | કદમ - ૧૬ | 66 |
| 18. | કદમ - ૧૭ | 70 |
| 19. | કદમ - ૧૮ | 75 |
| 20. | ચાલો, ચકાસીએ | 79 |

# ચાલો યાદ કરીએ !

પ્રશ્ન-૧. ધોરણ-૫નું કયું કાવ્ય તમને ગમ્યું ? શા માટે ?

પ્રશ્ન-૨. ધોરણ-૫ના તમને ગમતા કાવ્યની પાંચ પંક્તિ લખો.

પ્રશ્ન-૩. ધોરણ-૫નો કયો પાઠ તમને ગમે ? શા માટે ?

**પ્રશ્ન-૪. નીચે કૌંસમાં પાત્રો અને એકમના નામ ભેળસેળ થઈ ગયા છે. જેમને ઉદાહરણ મુજબ યોગ્ય જોડમાં ગોઠવો.**

(વૉલ્ટર, અલ્લક દલ્લક, મહેનતનો રોટલો, ડૉ. ભીમરાવ આંબેડકર, અપંગના ઓજસ, વાલો કેસરિયો, ઊડે રે ગુલાલ, રામજીભાઈ, ભૂલની સજા, સાધુ મહારાજ, રાધા, ઘેરૈયા)

| **પાત્ર** | **એકમ** |
| --- | --- |
| સાધુ મહારાજ | મહેનતનો રોટલો |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

**પ્રશ્ન-૫. 'સ' અને 'શ' ના ઉચ્ચારથી શબ્દોના અર્થ બદલાય છે. ઉદાહરણ મુજબ આવા બીજા શબ્દો અને તેના અર્થ લખો.**

| | |
| --- | --- |
| **સર : સરોવર** | **શણ : બાણ** |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

**પ્રશ્ન-૬. નીચેના વિરામચિહ્નનો ઉપયોગ કરીને એક એક વાક્ય લખો.**

૧. ઉદ્‌ગારચિહ્ન : ______________________________

૨. અલ્પવિરામ : ______________________________

૩. પ્રશ્નચિહ્ન : ____________________

૪. પૂર્ણવિરામ : ____________________

**પ્રશ્ન-૭. તમારા વિસ્તારમાં બોલાતા હોય તેવા દસ તળપદા (પ્રાદેશિક) શબ્દો લખો અને તેનો માન્ય અર્થ જાણો :**

________________ ________________

________________ ________________

________________ ________________

________________ ________________

________________ ________________

**પ્રશ્ન-૮. ઉદાહરણ મુજબ શબ્દો લખો.**

ઉદાહરણ : બાળક - બાળકો

________________ ________________

________________ ________________

________________ ________________

________________ ________________

________________ ________________

**પ્રશ્ન-૯. નીચેના શબ્દોનું વર્ગીકરણ કરો.**

(સાડી, બાગ, મગર, પાંદડું, મોર, કાપડ, રસ્તો, પુસ્તક, ચમચી, બારણું, ગોદડી, દીવાલ)

| સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| | | |
| | | |

**પ્રશ્ન-૧૦. નીચેના શબ્દો વાંચો અને સમજો. ઉદાહરણ મુજબ આવા બીજા શબ્દો અને તેના અર્થ લખો.**

ઉદાહરણ : દિન - દિવસ    દીન - ગરીબ

| | |
|---|---|
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

# કદમ-૧

પ્રશ્ન-૧. નીચેના ચિત્રનું સાત-આઠ લીટીમાં વર્ણન કરો.



પ્રશ્ન-૨. નીચેની રેલવે ટીકીટના આધારે માંગ્યા મુજબની માહિતી શોધીને લખો.



पी.एन.आर.नं. PNR NO. | गाड़ी नं. TRAIN NO. | तिथि DATE | कि.मी. K.M. | वयस्क ADULT | बच्चे CHILD 68250918

820-6449755 9037 24-12-2018 643 2 1 /68250918

श्रेणी/CLASS JOURNEY CUM RESERVATION TICKET तक / से आरक्षित PRS-NDLS RESV. UPTO

2वाता बांदरा टर्मिनस रतलाम जं.

2A BANDRA TERMINUS RATLAM JN

| कोच COACH | सीट/बर्थ SEAT/BERTH | | लिंग SEX | आयु AGE | यात्रा अधिकार पत्र T.AUTHORITY | रियायत CONC. | आ. शु. R. FEE | स. शु. S. CH. | सु. अ. SF.CH. | वाऊचर रु. VOUCH.Rs. | कु. नकद रु. T.CASH Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A1 | 21 | LB | M | 39 | | | 75 | | | | 2578 |
| A1 | 23 | SL | F | 37 | | | | | | | |
| A1 | 22 | UB | M | 7 | | | | | | | |

Rs.TWO FIVE SEVEN EIGHT ONLY

I-TICKET/ NO CASH REFUNDS

(NEW TIME TABLE FROM 01-12-2018) AVADH EXPRESS BOARDING BDTS 24-12-2018

713 27-10-2018 14:36 RCT1 210 VIA BRC

DELHI PRS

- સીટ નંબર : ______________
- મુસાફરી કરનાર વ્યક્તિઓ : ______________
- ભાડું : ______________
- ટ્રેન ક્યાંથી ક્યાં જશે ? ______________
- ટ્રેન ક્યાંથી ઉપડશે ? ______________
- કયા કોચ (ડબ્બા નંબર)ની ટિકિટ છે ? ______________
- મુસાફરીની તારીખ : ______________
- મુસાફરીનું અંતર : ______________
- ટ્રેન નંબર : ______________
- ટ્રેનનું નામ શું છે ? ______________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. તમને સૌથી વધુ કયા વાહનમાં મુસાફરી કરવી ગમે ? શા માટે ?

૨. તમારા ગામમાં મુસાફરીનાં કયા કયા વાહનો જોવા મળે છે ?

૩. ટિકિટ ચેકર (ટી.સી.) શું કામ કરતા હોય છે ?

૪. રેલવે સ્ટેશન / બસ સ્ટેશન પર કઈ કઈ સુવિધાઓ હોય છે ?

૫. કુલી શું કામ કરતા હોય છે ?

**પ્રશ્ન-૪. બસસ્ટેશન, રેલવેસ્ટેશન જેવાં જાહેર સ્થળો પર કેટલીક સૂચનાઓ લખેલી હોય છે. આ સૂચનાઓ લખો.**

ઉદાહરણ : ધૂમ્રપાન કરવાની મનાઈ છે.

૧.

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

પ્રશ્ન-૫. તમારા ગામમાં આવતી-જતી બસનું સમયપત્રક તૈયાર કરો.

| ક્રમ | ક્યાંથી આવશે ? | ક્યાં જશે ? | આવવાનો સમય | જવાનો સમય |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

પ્રશ્ન-૬. નીચેના શબ્દો ધ્યાનથી વાંચો અને સમજો. જે તે શબ્દને આગળ પાછળથી લખતાં નવો અર્થપૂર્ણ શબ્દ મળે છે. તે મુજબ બીજા શબ્દો લખો.

ઉદાહરણ : કલમ - મલક          કથા - થાક

______________          ______________

______________          ______________

______________          ______________

# કદમ-૨

પ્રશ્ન-૧. ચિત્રના આધારે પાંચ શબ્દો લખો. આ શબ્દોનો ઉપયોગ કરી વાકયો લખો.



૧. ______________ : ______________________________________________

૨. ______________ : ______________________________________________

૩. ______________ : ______________________________________________

૪. ______________ : ______________________________________________

૫. ______________ : ______________________________________________

પ્રશ્ન-૨. 'સંપ ત્યાં જંપ' આ કહેવતને લગતી વાર્તા લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. હિંદમાતાને કોણ કોણ વંદન કરે છે ?

૨. હિંદમાતાની સેવા કઈ કઈ રીતે થઈ શકે ?

૩. આપણે હળીમળીને શા માટે રહેવું જોઈએ ?

૪. તમે તમારા મિત્રોને કઈ રીતે મદદરૂપ થાવ છો ?

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૪. વિવિધ ધર્મના ધર્મપ્રતીક દોરો.**

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

**પ્રશ્ન-૫. નીચેના શબ્દનો અર્થ બતાવતા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.**

ઉદાહરણ : નમસ્કાર - વંદન

સરખું - ________________

કલ્યાણકારી - ________________

સર્વ - ________________

પૈસાદાર - ________________

ઉપાસના - ________________

**પ્રશ્ન-૬. અહીં આપેલ શબ્દજોડકું વાંચો અને સમજો. આ શબ્દો બોલાય છે સાથે પણ પરસ્પર વિરુદ્ધાર્થી શબ્દો છે. આવા બીજા શબ્દો શોધીને લખો.**

**ઉદાહરણ : આવકજાવક**

૧. ________________

૨. ________________

૩. ________________

૪. ________________

૫. ________________

૬. ________________

# કદમ-૩

**પ્રશ્ન-૧. નીચે આપેલા ચિત્રમાં રંગ પૂરો અને ચિત્ર વિશે પાંચ-છ વાક્યો લખો.**



**પ્રશ્ન-૨. નીચેના ફકરાના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

મને ન ઓળખ્યો ? હું પીપળો છું. આ ગામના પાદરમાં ઊગ્યોને મોટો થયો. નદીને ઠેઠ સામે કાંઠે મારા માવતર. એનું મૂળ ભોંમાં વધતાં-વધતાં ઠેઠ આ ગામના પાદરમાં આવીને ફૂટ્યું. મારાં બીજાં ભાંડરડાંની જેમ મને કોક હરાયું ભૂખ્યું ઢોર આવીને ઊગ્યા ભેગું જ ચાવી જાત. પણ મારાં નસીબ એટલાં ચડિયાતાં તે મને અડખે-પડખે કાળમીંઢ પાણાની મોટી-મોટી શિલાઓની ઓથ જડી ગઈ અને એ ઓથમાં હું સારી પેઠે મોટો થઈ ગયો.

૧. પીપળાનો મૂળ પરિવાર કયાં હતો ?

___

___

૨. પીપળાના ભાઈ-બહેન શાથી ઉછરી ન શક્યા ?

___

___

૩. પીપળો કેવી રીતે મોટો થઈ શક્યો ?

___

___

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મૂર્તિ બનાવતી વખતે શી શી કાળજી રાખવી પડે ?

___

___

૨. શિલ્પીનો કયો ગુણ તમને ગમ્યો ? શા માટે ?

૩. તમને કયું કામ કરવું ગમે ? શાથી ?

૪. તમારા ઘરમાં કયાં કયાં કામમાં તમે મદદરૂપ થાવ છો ?

**પ્રશ્ન-૪. તમે કોઈ કારીગરને કોઈ વસ્તુ બનાવતાં જોયો હશે. એ વસ્તુ એ કેવી રીતે બનાવે છે ? લખો.**

**પ્રશ્ન-૫. આપણે બોલચાલમાં ઘણા અંગ્રેજી શબ્દો બોલીએ છીએ. આવા દસેક શબ્દો લખી તેના ગુજરાતી અર્થ લખો.**

ઉદાહરણ : પેન - કલમ

__________ - __________    __________ - __________

__________ - __________    __________ - __________

__________ - __________    __________ - __________

__________ - __________    __________ - __________

__________ - __________    __________ - __________

**પ્રશ્ન-૬. અહીં આપેલ ઉદાહરણ વાંચો અને સમજો. અંગ્રેજી અને ગુજરાતી બંને શબ્દો બોલવામાં સરખા છે. પણ બંનેનો અલગ અર્થ થાય છે. આવા બીજા શબ્દો શોધો અને લખો.**

**ઉદાહરણ :**

મગ : એક કઠોળ    Mug : પ્યાલો

અર્થ : હેતુ    Earth : જમીન

__________ : __________    __________ : __________

__________ : __________    __________ : __________

__________ : __________    __________ : __________

__________ : __________    __________ : __________

# કદમ-૪

પ્રશ્ન-૧. નીચે આપેલા ચિત્રમાં રંગ પૂરો અને ચિત્ર વિશે પાંચ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. રવિશંકર મહારાજના ગુણ બતાવતાં વાક્યો પાઠમાંથી શોધીને લખો.**

**ઉદાહરણ :** બાળપણથી જ એમનો સ્વભાવ સાહસિક અને નીડર હતો.

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. મહારાજમાં બાળપણથી કામ પ્રત્યે કયા ગુણો જોવા મળતા હતા ?

______________________________

______________________________

૨. ગાંધીજીના પરિચયમાં આવ્યા પછી મહારાજના જીવનમાં શું પરિવર્તન આવ્યું ?

______________________________

______________________________

૩. રવિશંકર મહારાજે કઈ આપત્તિ વખતે કયા કયા કાર્યો કર્યા ?

______________________________

______________________________

૪. મહારાજ લોકોને કઈ કઈ રીતે મદદરૂપ બનતા હતા ?

______________________________

______________________________

**પ્રશ્ન-૪. એકમને આધારે 'રવિશંકર મહારાજ' વિશે સાત-આઠ વાક્યો લખો.**

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

**પ્રશ્ન-૫. નીચેના વાક્યોને અનુરૂપ રૂઢિપ્રયોગ કૌંસમાંથી શોધીને લખો.**

(પાછી પાની ન કરવી, પગરણ માંડવા, માથે ઉપાડી લેવું, આત્મા રેડી દેવો, દિલ દ્રવી ઊઠવું, દિલ દઈને)

૧. હેત્વી દરેક કામ પૂરેપૂરી લગનથી કરે. ____________________

૨. દિયા ખૂબ ઉત્સાહ અને ધગશથી રંગોળી દોરે. ____________________

૩. પાર્થે હમણાં જ ચિત્ર દોરવાની શરૂઆત કરી. ____________________

૪. થાકી જવા છતાં મીતાંશ ગિરનાર ચઢવામાં પાછો ન હટ્યો. ____________________

૫. પ્રિન્સે વિજ્ઞાનનું મોડેલ બનાવવાની જવાબદારી લીધી. **માથે ઉપાડી લેવું.**

૬. મિત્ર ન મળતાં રાકેશને ખૂબ દુઃખ થયું. ____________________

**પ્રશ્ન-૭. આ એકમમાંથી તમને ગમતા કોઈપણ પાંચ શબ્દો લખો. આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

______________________________

______________________________

**પ્રશ્ન-૮. નીચે ઉદાહરણમાં આપેલા શબ્દો વાંચો અને સમજો. આવા બીજા શબ્દો લખો.**

**ઉદાહરણ :** ગામડેગામડે અલગઅલગ

| | |
|---|---|
| __________ | __________ |
| __________ | __________ |
| __________ | __________ |
| __________ | __________ |

# કદમ-૫

**પ્રશ્ન-૧. નીચેના ચિત્રનું વર્ણન પાંચ-સાત લીટીમાં કરો.**



______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૨. નીચેની પંક્તિઓમાં યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

(આકાશ, વાયરા, ધોળો, મલક, પાણી, આભ, પવન, પ્રદેશ, ઊજળો, જલ)

૧. નદિયુંના ______________ નિતાર્યા.

૨. ________________ દૂધ કપાસ રે

૩. ઉપર ઊજળા ________________ માં

૪. વાતા મીઠા ________________

૫. થાય ________________ આબાદ રે

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. સીમ સોનાવરણી શાથી બની છે ?

________________________________________

________________________________________

૨. 'મૉલ હિલોળા લે છે' - એટલે શું ?

________________________________________

________________________________________

૩. પછેડી દાતરડાં શા માટે લેવાનાં છે ?

________________________________________

________________________________________

૪. મોલ તૈયાર થયા પછી શું શું કરવું પડતું હોય છે ?

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. 'વરસાદ અને ખેતી' વિશે સાત-આઠ વાક્યો લખો.**

________________________________________

________________________________________

**પ્રશ્ન-૫. કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

(કણસલાં ગૂંદીને કે ઝૂડીને પાક અનાજ કાઢવાની જગા, હુલ્લાસ, સોના જેવા રંગવાળી, પછેડી)

૧. ______________ - સોનાવરણી

૨. કશુંક ગમતું માણવાનો સમૂહનો તરવરાટ - ______________

૩. પાક બાંધવા માટે વપરાતું ચાદર જેવું જાડું કપડું - ______________

૪. ______________ - ખળાં

**પ્રશ્ન-૬. આ એકમમાંથી તમને ગમતા કોઈપણ પાંચ શબ્દો લખો. આ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.**

૧. __________ : ______________________

૨. __________ : ______________________

૩. __________ : ______________________

૪. __________ : ______________________

૫. __________ : ______________________

**પ્રશ્ન-૭. કાવ્યમાં કયા મૂળાક્ષરથી શરૂ થતા શબ્દો સૌથી વધુ વખત આવે છે. આ શબ્દો લખો.**

# કદમ-૬

**પ્રશ્ન-૧. નીચેના પોસ્ટકાર્ડના ચિત્રમાં તમારું સરનામું લખો.**




**પ્રશ્ન-૨. નીચેનો ભાવ દર્શાવતાં વાક્યો પાઠમાંથી શોધીને લખો.**

૧. થોડીવાર બળદોને ઊભા રાખોને.

૨. આ બળદ ઘણા બળવાન છે.

૩. ગામમાં મોટેભાગે બધા નિરક્ષર.

૪. એ હોંશિયાર વ્યક્તિ આવી ભૂલ કદી ન કરે.

૫. આ તો પૈસાદાર લોકો છે.

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. ચોમાસું શરૂ થતાં ગામલોકો સામટી ખરીદી શા માટે કરી લેતા ?

૨. હરખચંદ શેઠે શું વિચારીને કપાસિયાનું બાચકું ખરીદ્યું હતું ?

૩. કહળસંગે ગાડું શાથી હંકારી મૂક્યું ?

૪. ગામલોકોને કઈ બાબતે હરખચંદની વારંવાર જરૂર પડતી ? શા માટે ?

**પ્રશ્ન-૪. વડીલોની મદદથી તમારા વિસ્તારમાં બોલાતી પાંચ કહેવતો લખો અને તેના અર્થ જાણો.**

**પ્રશ્ન-૫. નીચેના વિરામચિહ્નનો ઉપયોગ થતો હોય તેવાં બે બે વાક્યો પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.**

૧. અર્ધવિરામ (;)

૨. ગુરુવિરામ (:)

૩. અવતરણચિહ્ન (“ ”)

**પ્રશ્ન-૬. આ એકમમાંથી તમને ગમતા કોઈપણ પાંચ શબ્દો લખી, તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧. ______ : ______

૨. ______ : ______

૩. ______ : ______


૪. ______ : ______

૫. ______ : ______

**પ્રશ્ન-૭. વડીલોની મદદથી તમારા વિસ્તારમાં બોલાતા દસ તળપદા શબ્દો લખો અને તેના અર્થ જાણો.**

# કદમ-૭

**પ્રશ્ન-૧. નીચેના ચિત્રમાં રંગ પૂરો અને ચિત્ર વિશે પાંચ-છ વાક્યો લખો.**



**પ્રશ્ન-૨. નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો.**

૧. હૃદયના પવિત્ર ભાવથી તારા જીવનરૂપી માર્ગમાં આગળ વધતો જા.

૨. મુશ્કેલીઓ, દુઃખો અને અડચણો આવે છતાં તું એ વિકટ ને કપરા માર્ગે ધીરજ રાખીને ચાલ્યો જા.

___

૩. કઠિન માર્ગે તું આગળ વધતો જા.

___

૪. શિસ્ત, શાંતિ અને સેવાનો બોધ સૌને મળે એવું જીવન તું જીવજે.

___

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. કવિ કેવી રીતે આગળ વધવાનું કહે છે ?

___

___

૨. મુશ્કેલીઓ સમયે આપણે શું કરવું જોઈએ ?

___

___

૩. તમે સાઈકલ લઈને જતા હો અને પંચર પડે તો શું કરશો ?

___

___

**પ્રશ્ન-૪. આપેલ ઘટનાને વાંચો અને સમજો. આ ઘટનાને આગળ વધારો.**

હું અને મારો મિત્ર ખેતરમાં જતા હતા. અચાનક મારા મિત્રના પગમાં કાંટો વાગ્યો.

___

___

**પ્રશ્ન-૫. નીચેનાં વાક્યોમાંથી સંજ્ઞા ઓળખી પ્રકાર લખો.**

૧. નદી આપણી લોકમાતા છે.

૨. ગાંધીનગર એટલે હરિયાળું નગર.

૩. પંખી આકાશમાં ઊંચે ઊડે.

૪. ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.

૫. ઝાડ આપણને અનેક રીતે ઉપયોગી છે.

૬. ગિરનાર ગુજરાતનો ઊંચો પર્વત છે.

**પ્રશ્ન-૬. 'પગલે પગલે' કાવ્યમાંથી તમને ગમતા કોઈપણ પાંચ શબ્દો લખો. આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

શબ્દો

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________


શબ્દકોશનો ક્રમ

૧. __________ ૨. __________ ૩. __________

૪. __________ ૫. __________

# કદમ-૮

પ્રશ્ન-૧. નીચેના ચિત્રને આધારે આઠ-દસ લીટીમાં વાર્તા લખો.



**પ્રશ્ન-૨. નીચેના પાત્રો દ્વારા બોલાયેલ એક એક વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

૧. બાદશાહ :

૨. સેનાપતિ :

૩. નોકર :

૪. બેગમ :

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. શિરામણ કરતાં કરતાં બાદશાહને કેમ / શા માટે ઊભું થવું પડ્યું ?

૨. બાદશાહે નોકરને ફાંસીએ ચઢાવી દેવાનું ફરમાન શાથી કર્યું ?

૩. નોકરને સજામાંથી કોણે ઉગાર્યો ? કેવી રીતે ?

૪. નોકરને સજા બાબતે બાદશાહને શો પ્રશ્ન કર્યો ?

**પ્રશ્ન-૪. અકબર - બીરબલની વાર્તા મેળવીને લખો.**

**પ્રશ્ન-૫. કૌંસમાંથી યોગ્ય શબ્દો પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(મુસ્લિમ વ્યવસ્થા મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે, સરપાવ, સવારનો નાસ્તો, કાળમુખું, ઝટ ઉકેલી ન શકાય તેવો પ્રશ્ન)

૧. ______________________ : કોયડો

૨. ______________________________ : શિરામણ

૩. જેનું મુખ જોવાથી અપશુકન થાય તેવું : ______________

૪. ______________________________ : મૈયત

૫. શાબાશી બદલ આપવામાં આવતો પોશાક : ______________

**પ્રશ્ન-૬. કૌંસમાં આપેલ સંજ્ઞાનું વર્ગીકરણ કરો.**

(ટોળું, બાજરી, દૂધ, સેના, ચાંદી, ઝૂમખું)

| દ્રવ્યવાચક સંજ્ઞા | સમૂહવાચક સંજ્ઞા |
| --- | --- |
| | |

**પ્રશ્ન-૭. 'જામનગર' શબ્દ પરથી બીજા શબ્દો બનાવો.**

ઉદાહરણ : જાન

______________________________

______________________________

______________________________

______________________________

# કદમ-૯

પ્રશ્ન-૧. નીચેના ચિત્રને આધારે પાંચ શબ્દો લખો. આ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.



**પ્રશ્ન-૨. નીચેની ઋતુઓમાં ગોંદરા પર શી અસર થાય છે ? આ ઋતુઓમાં ગોંદરે કઈ કઈ પ્રવૃત્તિઓ થતી ? પાઠના આધારે લખો.**

૧. શિયાળો :

૨. ઉનાળો :

૩. પાનખર :

૪. ચોમાસું :

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. તમે તમારા મિત્રો સાથે કઈ કઈ રમતો રમો છો ?

૨. 'અમારી પહેલી નિશાળ તે ગોંદરું' એવું લેખક શાથી કહે છે ?

૩. ગોંદરે કઈ કઈ પ્રવૃત્તિઓ થતી ?

૪. બપોરે ઢોર ગોંદરે શાથી આવી જતાં હશે ?

**પ્રશ્ન-૪. 'મારી પ્રિય રમત' વિશે આઠ-દસ લીટી લખો.**

**પ્રશ્ન-૫. રૂઢિપ્રયોગનો ઉપયોગ થયો હોય તેવાં પાંચ વાક્યો પાઠમાંથી શોધીને લખો.**

૧.

૨.

૩.

૪.

૫.

**પ્રશ્ન-૬. નીચેના પ્રકાર મુજબ કોઈપણ એક સંજ્ઞા લખી વાક્ય બનાવો.**

- વ્યક્તિવાચક સંજ્ઞા :

- જાતિવાચક સંજ્ઞા :

_______________________________________________

_______________________________________________

- દ્રવ્યવાચક સંજ્ઞા :

_______________________________________________

_______________________________________________

- સમૂહવાચક સંજ્ઞા :

_______________________________________________

_______________________________________________

- ભાવવાચક સંજ્ઞા :

_______________________________________________

_______________________________________________

**પ્રશ્ન-૭. ઉદાહરણ પ્રમાણે શબ્દજૂથ બનાવો.**

- વૃક્ષ : ડાળી, પાંદડાં, થડ, મૂળ, ફૂલ, ફળ
- મોબાઈલ : ______________________
- નિશાળ : ______________________
- પંખી : ______________________
- ક્રિકેટ : ______________________

# કદમ-૧૦

પ્રશ્ન-૧. નીચેના ચિત્રમાં રંગ પૂરો. આ ચિત્ર વિશે પાંચ છ વાક્ય લખો.



**પ્રશ્ન-૨. નીચેની કાવ્યપંક્તિમાં શબ્દો આડાઆવળા થઈ ગયા છે. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી કાવ્યપંક્તિ ફરીથી લખો.**

૧. પ્રભુજીની લોલ ઉતરાવું રે વાંસળી રે એની રે

______________________________

૨. નંદજીનો વગાડે રે લોલ વાંસલડી લાડકો રે

______________________________

૩. લટકે વાંસલડીએ ચાર ફૂમતાં કાંઈ

______________________________

૪. ગૂંથી મોલે મોલે પ્રભુજીએ દીધાં લોલ મોતીડાં રે

______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. વાંસ શા માટે વઢાવવાના છે ?

______________________________

______________________________

૨. વાંસળીની શી વિશેષતા છે ?

______________________________

______________________________

૩. તમને વાંસળી વગાડવી ગમે ? કેમ ?

______________________________

______________________________

૪. તમને ગમતાં વિવિધ વાક્યોનાં નામ લખો.

**પ્રશ્ન-૪. તમને આવડતું અથવા તમારા વિસ્તારમાં ગવાતું કોઈ એક લોકગીત લખો.**

**પ્રશ્ન-૫. શરીરના કયા અંગ પર કયું ઘરેણું પહેરાય છે ? વિચારો અને લખો.**

**ઉદાહરણ : આંગળી - અંગૂઠી**

**કાન -** ________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પ્રશ્ન-૬. 'ધાર' પ્રત્યય લાગે તેવા શબ્દો શોધી તેનો અર્થ લખો.

ઉદાહરણ : ધારદાર - ધારવાળું

__________ - __________ __________ - __________

__________ - __________ __________ - __________

# કદમ-૧૧

પ્રશ્ન-૧. મનગમતું ચિત્ર દોરી રંગ પૂરો. આ ચિત્ર વિશે પાંચ છ વાક્ય લખો.

**પ્રશ્ન-૨. નીચેનાં વાક્યોનાં સમાન અર્થ ધરાવતાં વાક્યો એકમમાંથી શોધીને લખો.**

૧. ટિકિટ વગર રવિવારે ફિલ્મ જોવાનો મેળ પડે જ નહિ.

૨. કાગળમાં લખાયેલી ભાષા વિશે કંઈ સમજાતું નથી.

૩. મારા કાકા એમનું પોતાનું લખેલું લખાણ વાંચી શકતા નથી.

૪. તમને તો ખબર જ છે કે આજના શોમાં હવે જગ્યા રહી નથી.

૫. એક ક્ષણ માટે મને ત્યાંથી ભાગી જવાનું સૂજ્યું.

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. રવિવારે થિયેટર પર હાઉસફૂલનું પાટિયું કેમ જોવા મળતું હશે ?

૨. પત્ર શી રીતે ઉપયોગી થઈ પડ્યો ? કેમ ?

૩. જો થિયેટરના મેનેજર પત્ર ઉકેલી શક્યા હોત તો શું થાત ?

૪. મેનેજરે ફિલ્મ જોવાની વ્યવસ્થા શાથી કરી આપી ?

૫. લેખકે પત્રનો શો ઉપયોગ કરવા વિચાર્યું ? શા માટે ?

**પ્રશ્ન-૪. 'સારા અક્ષરો એ હાથનું ઘરેણું છે.' - આ વિધાન સમજાવો.**

પ્રશ્ન-૫. આ એકમમાં કેટલાક અંગ્રેજી શબ્દો વપરાયા છે શોધો અને લખો. આ શબ્દો પૈકી કોઈપણ ત્રણ શબ્દોનો ઉપયોગ કરી ત્રણ અલગ અલગ વાક્યો બનાવો.

ઉદાહરણ : શો, ફિલ્મ

પ્રશ્ન-૬. 'નામપદ'નો ઉપયોગ થયો હોય તેવાં ચાર વાક્યો લખો.

ઉદાહરણ : આ <u>વેદસાહેબ</u>નો પત્ર છે.

૧.

૨.

૩.

૪.

# કદમ-૧૨

પ્રશ્ન-૧. નીચેના ચિત્ર વિશે પાંચ છ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. કાવ્યમાં પાત્રોના મુખે બોલાયેલ સંવાદો પદ્યરૂપે છે. નીચેના પાત્રો દ્વારા બોલાયેલ કોઈપણ એક સંવાદને ગદ્યરૂપે લખો.**

- રાવણ : ______________________________

- જનક : ______________________________

- સીતા : ______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. જનક રાજાએ સીતાના સ્વયંવર માટે શી શરત મૂકી ? શા માટે ?

૨. ધનુષ્ય ઉઠાવી શકવા બાબતે રાવણને શો વિશ્વાસ હતો ?

૩. રાવણ શા માટે ધનુષ્ય ઊઠાવી ન શક્યો ?

૪. ધનુષ્ય ઉપાડતાં રાવણને શી મુશ્કેલી પડી ?

**પ્રશ્ન-૪. રામાયણનો કોઈપણ અન્ય પ્રસંગ લખો.**

પ્રશ્ન-૫. ઉદાહરણ મુજબ કૌંસમાં આપેલ શબ્દોની જોડ બનાવો :


(ધરા, બંદીવાન, મુશ્કેલ, ભૂષણ, સ્તુતિ, અભિમાન, ઘરેણું, કેદી, પૃથ્વી, અહંકાર, વિકટ, પ્રાર્થના)

ઉદાહરણ : ધરા - પૃથ્વી

પ્રશ્ન-૬. રામાયણનાં પાત્રો વિશે વધુ જાણો અને પાત્રોનાં નામ લખો.

# કદમ-૧૩

પ્રશ્ન-૧. ચિત્રના આધારે વર્ણન કરો.



**પ્રશ્ન-૨. પ્રશ્ના જવાબ લખો.**

૧. શાળામાં પ્રવાસ સમિતિ ક્યાં ક્યાં કાર્યો કરે છે એની નોંધ લખો.

૨. 'સાહેબ પ્રવાસનું સ્થળ નક્કી કરવાનું ભૂલી ગયા લાગે છે' રેવતી આવું શા માટે કહે છે ?

૩. પોતાનું નામ લખવાની ઉતાવળમાં શિક્ષક શું લખવાનું ભૂલી જાય છે ?

૪. પ્રવાસનું આયોજન કરતી વખતે કંઈ કંઈ બાબતોની કાળજી રાખવી જોઈએ ?

૫. દરિયામાં નૌકા પ્રવાસની આધુનિક સુવિધા અંગે વડીલો પાસેથી માહિતી મેળવી નોંધ લખો.

**પ્રશ્ન-૩. આપેલ નામ અને ક્રિયાપદનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** ઘોડા, ચરવું.

- ઘોડો કૂણું કૂણું ઘાસ ચરી રહ્યો છે.

૧. ફૂલ, હસવું.

___

૨. નદી, વહેવું.

___

૩. હોડી, તરવું.

___

૪. રમા, લખવું.

૧___

૫. પતંગિયું, ઉડવું.

___

**પ્રશ્ન-૪. તમારા ગામની નજીકમાં આવેલ પ્રસિદ્ધ સ્થળ વિશે પાંચ વાક્ય લખો.**

___

___

___

___

___

# કદમ-૧૪

પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ, બાળકો શી વાતચીત કરતાં હશે ? તમારા શબ્દોમાં જણાવો.



**પ્રશ્ન-૨. આ એકમમાંથી મેહુલ દ્વારા બોલાયેલ કોઈ પણ પાંચ વાક્યો લખો.**

**પ્રશ્ન-૩. અહીં ફકરામાં કેટલાક શબ્દો લખવામાં ગોટાળો થયો છે. ગોટાળા વાળા શબ્દો ફરતે ⬭ કરો અને યોગ્ય શબ્દો મૂકી ફકરો ફરીથી લખો.**

મારી ખોટી બહેને કાગળમાં લખ્યું હતું "ચાટલું બરાબર સાફ ફરજો. ઓટલો બરાબર ગૂંથજો, ચોટલાની બરાબર સફાઈ કરજો. મને થયું આમ કેમ ? આગળ વાંચ્યું. ઢોરને બરાબર મારજો. એક ઢોર તો કાંખે બોડું છે."

**પ્રશ્ન-૪. પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. આ પાઠમાં સંવાદ દ્વારા શું દર્શાવવામાં આવ્યું છે ?

૨. નોટબુકમાં લખવા માટે તમે કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો ?

___

___

___

૩. પહેલાંના જમાનામાં પેન કે પેન્સિલ શોધાઈ ન હતી ત્યારે કેવી રીતે લખાતું ?

___

___

___

૪. તમે શાના વડે લખવામાં મજા આવે છે ? કેમ ?

___

___

___

૫. ગાંધીજીનું ખરાબ અક્ષરો બાબતે મંતવ્ય જણાવો ?

___

___

___

૬. અશરફના મતે અબ્બા નાના ભાઈને શા માટે ચિત્રો દોરાવતા ?

___

___

___

**પ્રશ્ન-૫. આપેલ નામને યોગ્ય વિશેષણ સાથે જોડો.**

| | |
|---|---|
| પર્વત | વફાદાર |
| સ્વેટર | કીમતી |
| અક્ષર | હોશિયાર |
| વિદ્યાર્થી | ઊંચો |
| ઝવેરાત | ગરમ |
| કૂતરો | મરોડદાર |

**પ્રશ્ન-૬. સુંદર અક્ષર એ હાથનું ઘરેણું છે. તમારા શબ્દોમાં સમજાવો.**

**પ્રશ્ન-૭. ઉદાહરણ મુજબ મરોડમાં સામાન્ય ભેદવાળા શબ્દો લખો અને બંને શબ્દોના ઉપયોગથી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** પાન - યાન

**વાક્ય :** અવકાશ યાનમાંથી ઝાડનાં પાન કેવાં દેખાતાં હશે ?

**પ્રશ્ન-૮. આ એકમમાં વપરાયેલા પાંચ અંગ્રેજી શબ્દો લખો અને વાક્યમાં પ્રયોગ કરો.**

૧. ____________________

વાક્ય : ____________________

૨. ____________________

વાક્ય : ____________________

૩. ____________________

વાક્ય : ____________________

૪. ____________________

વાક્ય : ____________________

૫. ____________________

વાક્ય : ____________________

**પ્રશ્ન-૯. નીચે લંબગોળમાં કેટલાક સાચી અને ખોટી જોડણીવાળા શબ્દો ભેગા થઈ ગયા છે તેને ઉદાહરણ મુજબ છૂટા પાડો.**

ખડીયો પેન્સિલ

કોશિશ અધમૂઓ હાર્દીક

પેન્સીલ શાંતી રીફીલ

શાંતિ કોશીશ ખડિયો હાર્દિક


રીફિલ

અધમૂઓ પેન્સિલ

| | <u>**સાચી જોડણી**</u> | <u>**ખોટી જોડણી**</u> |
|---|---|---|
| **ઉદાહરણ :** | પેન્સિલ | પેન્સીલ |
| | ________________ | ________________ |
| | ________________ | ________________ |
| | ________________ | ________________ |
| | ________________ | ________________ |
| | ________________ | ________________ |

# કદમ-૧૫

પ્રશ્ન-૧. નીચે આપેલ ચિત્રને આધારે પાંચ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. નીચે આપેલું કોષ્ટક વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

| **કૃતિ** | **પ્રકાર** | **રચયિતા** |
|---|---|---|
| પ્રાચીના | કાવ્યસંગ્રહ | ઉમાશંકર જોશી |
| માતૃહૃદય | સાહસ કથા | કનૈયાલાલ રામાનુજ |
| ગંગોત્રી | કાવ્યસંગ્રહ | ઉમાશંકર જોશી |
| સારા અક્ષર | સંવાદ | ડૉ. દર્શના ધોળકિયા |
| રાવણનું મિથ્યાભિમાન | કથા કાવ્ય | ગિરધર |
| વિસામો | વાર્તાસંગ્રહ | ઉમાશંકર જોશી |

૧. 'માતૃહૃદય' સાહસકથાના લેખક કોણ છે ?

___

___

૨. કવિ ગિરધરની કૃતિનું નામ જણાવો.

___

___

૩. 'વિસામો' વાર્તાસંગ્રહ લેખકનું નામ શું છે ?

___

___

૪. કવિ ઉમાશંકર જોશીની કૃતિઓનાં નામ લખો.

___

___

૫. 'સારા અક્ષર' એકમનો સાહિત્ય પ્રકાર જણાવો.

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કવિએ ગુજરાતને મોંઘેરી શા માટે કહી છે ?

૨. ચરોતર પ્રદેશની શી વિશેષતા છે ?

૩. આ કાવ્યમાં કયા કયા પર્વતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

૪. કાવ્યમાં વપરાયેલા પ્રાસયુક્ત શબ્દનો ઉપયોગ કરી બે વાક્યો બનાવો.

૫. "નર્મદાની ગુજરાત દોહ્યલી રે જીવવી" કાવ્ય પંક્તિનો અર્થ સમજાવો.

**પ્રશ્ન-૪. કાવ્યમાં જે-જે સ્થળોનો ઉલ્લેખ થયેલો છે, તે સ્થળોની વિશેષતાઓ જણાવો.**

**ઉદાહરણ : પાવાગઢ :** પાવાગઢનાં ડુંગરે મહાકાળી બિરાજે છે.

**પ્રશ્ન-૫. (અ) કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ શબ્દ જોડ બનાવો.**

(સ્નેહ, જળ, નયન, હેત, સમંદર, સમુદ્ર, હૈયું, અઘરી, કપરી, હૃદય, આંખ, નીર)

**ઉદાહરણ : સમંદર = સમુદ્ર**

પ્રશ્ન-૫. (બ) ઉપર કૌંસમાં આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

________________ , ________________ ,

________________ , ________________ ,

________________ , ________________ ,


________________ , ________________ ,

________________ , ________________ ,

________________ , ________________ ,

# કદમ-૧૬

પ્રશ્ન-૧. નીચેનું ચિત્ર જુઓ. ચિત્રમાં બનેલી ઘટના શા કારણે બની હશે ? વિચારો અને લખો.



**પ્રશ્ન-૨. નીચે આપેલ લેખકની વિગત ધ્યાનથી વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.**

**કનૈયાલાલ રામાનુજ**

**જન્મ : ૧-૧૧-૧૯૩૮** **અવસાન : ૨૬-૪-૨૦૦૨**

કનૈયાલાલ લક્ષ્મીરામ રામાનુજનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ભડવાણામાં થયો હતો. તેમણે શિક્ષક તરીકે સેવા આપી હતી. 'સાવજનું અપમાન', 'રીંછ દરબારમાં અગિયાર રાતો', 'અપંગ તનનાં પણ મનનાં નહીં' તેમનાં જાણીતાં પુસ્તકો છે.

૧. લેખકનું પૂરું નામ જણાવો.

___

૨. લેખકનો જન્મ ક્યાં થયો હતો ?

___

૩. લેખકની જન્મ તારીખ જણાવો.

___

૪. કનૈયાલાલ રામાનુજનાં જાણીતાં પુસ્તકોનાં નામ લખો.

___

___

૫. કનૈયાલાલ રામાનુજ વ્યવસાયે ___ હતા.

(અ) શિક્ષક (બ) ડૉક્ટર (ક) વકીલ (ડ) ખેડૂત

**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગીરનાં બહાદુર માલધારીઓ વિશે બે-ત્રણ વાક્યો લખો.

___

___

___

૨. નેસની માલધારી સ્ત્રીઓ આખો દિવસ શું કામ કરતી ?

૩. સિંહણનું બચ્ચું શા માટે વિચિત્ર અવાજ કરતું હતું ?

૪. માલધારી સ્ત્રીને ક્યારે પોતાનું અસ્તિત્વ ભૂલાતું લાગ્યું ?

૫. સિંહણ શા માટે ઘુરકાટ કરતી હતી ?

**પ્રશ્ન-૪. માતૃહૃદયને લગતી તમને આવડતી હોય એવી વાર્તા ટૂંકમાં લખો.**

**પ્રશ્ન-૫. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧. પ્રાગડ ફૂટવું - ____________________

વાક્ય : ____________________

૨. રસ પડવો - ____________________

વાક્ય : ____________________

૩. જીવ તાળવે ચોંટવો - ____________________

વાક્ય : ____________________

૪. જીવ અડધો થઈ જવો - ____________________

વાક્ય : ____________________

૫. જીવ ચગડોળે ચડવો - ____________________

વાક્ય : ____________________

# કદમ-૧૭

પ્રશ્ન-૧. ગુજરાતનાં રેખાંકિત નકશામાંથી કચ્છ જિલ્લો શોધો, તેમાં રંગ પૂરો અને કચ્છ જિલ્લા વિશે પાંચ-છ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. ફકરો વાંચી અને ફકરાની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

કચ્છમાં બે રણ છે : નાનું અને મોટું. આ રણની વિશેષતા શી, ખબર છે ? એમાં દેખીતી રીતે ક્યાંય પણ રણનાં લક્ષણો નથી. અહીં ક્યાંય તને રેતી જોવા નહીં મળે. આખી દુનિયાનાં રણોથી આપણું રણ એ રીતે જુદું પડે છે. અહીં વર્ષમાં આઠ મહિના દરિયાનું પાણી હોય છે ને ચાર મહિના આ રણ સુકાયેલું હોય છે. કચ્છમાં પ્રવેશ કરવા માટે સૂરજબારીનો પુલ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ પાણીથી ઘેરાયેલો બેટ હતો. તેનો આકાર કાચબા જેવો લાગતો હોવાથી તેનું નામ કચ્છ પડ્યું એવી માન્યતા છે. ભૂસ્તરીય હલનચલનથી કચ્છની ભરતી સમુદ્ર તટ પરથી આવતી થઈ અને ઉત્તરનો ભાગ પાણી વગરના, રેતી વગરના સપાટ રણમાં પરિવર્તિત થયો.

૧. કચ્છમાં કેટલાં રણ છે ? કયાં કયાં ?

---

---

૨. કચ્છના રણની શી વિશેષતા છે ?

---

---

૩. કચ્છમાં પ્રવેશ કરવા માટે કયો પુલ તૈયાર કરવામાં આવ્યો છે ?

---

---

૪. આખી દુનિયાના રણથી કચ્છનું રણ કેવી રીતે જુદું પડે છે ?

---

---

૫. ભૂસ્તરીય હલનચલનની કચ્છની ભૂસ્તરીય રચનામાં શો ફેરફાર થયો ?

**પ્રશ્ન-૩. પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. કચ્છના જોવાલાયક સ્થળોનાં નામ લખો.

૨. કચ્છની રાજધાનીનું નામ જણાવી તેની વિશેષતા જણાવો.

૩. કચ્છની બહારથી આવતા લોકો માટે કચ્છ કેવો પ્રદેશ હતો ?

૪. કચ્છમાં આવેલાં પુરાતત્વીય સ્થળ વિશે બે-ત્રણ વાક્યો લખો.

૫. કચ્છની સીમાઓ જણાવો.

**પ્રશ્ન-૪. તમારી શાળામાં યોજાયેલ ગણતંત્ર દિનની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલ શબ્દોને ચોરસમાંથી શોધો અને શબ્દકોશના ક્રમ પ્રમાણે લખો.**

(તપશ્ચર્યા, હાજીપીર, સંસ્કૃતિ, ધોળાવીરા, ધીણોધાર, ધોરમનાથ, સૂરજબારી)

| | | | | |
|---|---|---|---|---|
| ધો | ર | મ | ના | થ |
| ળા | ણ | ધ | ક | ચ્છ |
| વી | હા | ર | ણો | રી |
| રા | જી | સં | બા | ધી |
| બે | પી | જ | સ્કૃ | ર |
| ટ | ર | સ | મિ | તિ |
| સૂ | ત | પ | શ્ચ | ર્યા |

# કદમ-૧૮

**પ્રશ્ન-૧. નીચેના ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ આપો.**



૧. આ કઈ કુદરતી હોનારત સમયનું દૃશ્ય છે ?

૨. બચાવકાર્યની ફરજ કોણ અદા કરી રહ્યું છે ?

૩. બચાવકાર્ય શી રીતે થઈ રહ્યું છે ?

૪. પૂર સમયે એકબીજાને શી રીતે મદદરૂપ થઈ શકાય ?

**પ્રશ્ન-૨. નીચે આપેલ સુભાષિતોનો અર્થ લખો.**

૧. પૃથ્વી સમું નહિ બેસણું, આભ સમું નહિ છત્ર;

પ્રેમ સખી નહિ માધુરી, આપ સમો નહિ મિત્ર.

___

___

___

___

૨. ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;

ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

___

___

___

___

**પ્રશ્ન-૩. પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. પહેલા સુભાષિતમાં આપબળનું મહત્ત્વ દર્શાવવા માટે કોનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે ?

___

___

___

૨. આપણી વાણી કેવી હોવી જોઈએ ?

___

૩. આપણે આગળ વધવા માટે શું કરવું જોઈએ ?

૪. ‘મૈત્રીભાવ સનાતન’ એવું શા માટે કહેવાયું છે ?

૫. સંતપુરુષોનું જીવન કેવું હોવું જોઈએ ?

**પ્રશ્ન-૪. નીચે આપેલ સુભાષિતોની પૂર્તિ કરો.**

૧. જલાવી જાતને ______________________

______________________ અન્યને સુખિયાં કરે.

૨. શમે ના વેર ______________________

______________________ મૈત્રીભાવ સનાતન.

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલાં શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ પ્રમાણે વાક્યો લખો.**

(ઝડપથી, અતિશય, ફડફડ, સડસડાટ, ખડખડાટ)

**ઉદાહરણ : ગાય ચાલે છે. - ગાય ધીમે ધીમે ચાલે છે.**

૧. આરવ દોડે છે.

_______________________________________________

૨. ગિરા નીચે ઉતરી.

_______________________________________________

૩. અવધ હસે છે.

_______________________________________________

૪. શિયાળામાં ઠંડી પડે છે.

_______________________________________________

૫. પંખી ઊડી ગયું.

_______________________________________________

# ચાલો ચકાસીએ

પ્રશ્ન-૧. નીચે ચિત્ર જુઓ અને તેના વિશે સાત-આઠ વાક્યો લખો.



**પ્રશ્ન-૨. સાચો વિકલ્પ પસંદ કરી લખો.**

૧. નીચેનામાંથી તવંગર શબ્દનો સમાનાર્થી શબ્દ કયો નથી ? [ ]

(અ) પૈસાદાર (બ) ધનવાન (ક) અમીર (ડ) દરિદ્ર

૨. શિલ્પીએ નવી મૂર્તિ શા માટે બનાવી ? [ ]

(અ) તે સારી બની ન હતી. (બ) યોગ્ય કદની ન હતી.

(ક) એના નાક પાસે ઘસરકો થયો હતો. (ડ) તુટી ગઈ હતી.

૩. 'પગરણ માંડવા' રૂઢિપ્રયોગનો અર્થ આપો. [ ]

(અ) પગલાં પાડવા (બ) પગ ઉપાડવા

(ક) પગમાં પડવું (ડ) શરૂઆત કરવી

૪. ''ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'' - આ પંક્તિને શું કહેશો ? [ ]

(અ) રૂઢિપ્રયોગ (બ) કવિતા (ક) કહેવત (ડ) વિચારવિસ્તાર

૫. પ્રવાહી, ખનીજ, અનાજ માટે કઈ સંજ્ઞા વપરાય છે ? [ ]

(અ) ભાવવાચક (બ) જાતિવાચક (ક) વ્યક્તિવાચક (ડ) સમૂહવાચક

૬. પગલે પગલે એ કાવ્યનો પ્રકાર જણાવો. [ ]

(અ) પ્રાર્થના (બ) ગજલ (ક) શૌર્યગીત (ડ) હાઈકુ

૭. શિરામણ શબ્દનો શો અર્થ થાય છે ? [ ]

(અ) બપોરનું ભોજન (બ) સવારનો નાસ્તો

(ક) સાંજનું ભોજન (ડ) આમાંથી એકેય નહિ

**પ્રશ્ન-૩. ધોરણ-૬ ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી તમને ગમતી કવિતા લખો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. તમે કોઈ વ્યક્તિવિશેષની મુલાકાત લેવાનો છો તો કેવા પ્રશ્નો પૂછશો ? પ્રશ્નો બનાવી લખો.**

૧. ________________________________________

૨. ________________________________________

૩. ________________________________________

૪. ________________________________________

૫. ________________________________________

**પ્રશ્ન-૫. નીચેનાં વાક્યો કોને ઉદ્દેશીને કહેવામાં આવ્યાં છે ?**

૧. "મંદિરમાં એકસરખી આ બે મૂર્તિઓની જરૂર છે ?"

________________________________________

૨. "નહીં સર, હું જ એ મૅડમને ત્યાં કામ કરું છું."

________________________________________

૩. “આ સંધિયા બળદિયા બઉ પાણિયાળા છે.”

૪. “આજે સવારમાં જ એક કાળમુખાનું મોઢું જોયું છે.”

૫. “મેં માધવપુર જોયું છે.”

**પ્રશ્ન-૬. ‘ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન’ કહેવતનો અર્થ સમજાવો.**

**પ્રશ્ન-૭. પ્રશ્ન-૨ નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

૧. સીમ કોને સાદ કરે છે

૨. વાહ કેવું સદર દશ્ય

૩. હું મમ્મી અને પપ્પા અંબાજી ગયાં

૪. ક્યાં છે મારું ગઈકાલનું ગોંદરું - પાદર

૫. પરદેશની વાત છે

**પ્રશ્ન-૮. અયોગ્ય શબ્દો છેકી નાંખો.**

૧. થાળ આવ્યો અને રાજા ઊંચા શ્વાસે રમ્યા / જમ્યા.

૨. કહળસંગે હરખચંદ શેઠને બે હાથ જોડી કાળોત્રી / કંકોત્રી લખવા બોલાવ્યા.

૩. લોન / વાળ કાપવા મેડમે નોકર રાખી લીધો હતો.

૪. પત્રના મથાળે ડાબી / જમણી બાજુએ સરનામું લખાય.

૫. સુંદર / ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

**પ્રશ્ન-૯. 'મારું ગામ' વિશે લેખન કરો.**

**પ્રશ્ન-૧૦. ધોરણ-૬ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી પ્રયોજાયેલા અંગ્રેજી શબ્દો શોધીને લખો.**

ઉદાહરણ : પબ્લિક

**પ્રશ્ન-૧૧. બંને શબ્દો આવી જાય તે મુજબ વાક્ય બનાવો.**

ઉદાહરણ : બંદૂક, દરિયો

વાક્યો : મેં કાલે સાંજે દરિયા કિનારે એક માણસને બંદૂક સાથે જોયો હતો.

૧. પાણી, વિમાન

૨. ફૂલ, હાથી

૩. ભગવાન, પંખી

૪. ખુરશી, વાંદરો

૫. કમ્પ્યુટર, ગામ

**પ્રશ્ન-૧૨. સાચી જોડણીવાળા શબ્દ પર ( ) કરો.**

| | |
|---|---|
| પીંપર | પિંપર |
| શીલ્પી | શિલ્પી |
| દુર્ગમ | દૂર્ગમ |
| કીંમત | કિંમત |
| શાંતિ | શાંતી |
| મૂર્તિ | મુર્તિ |

**પ્રશ્ન-૧૩. નીચે લંબગોળમાં કેટલાક શબ્દો ભેગા થઈ ગયા છે. તેમાંથી સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દોની જોડ બનાવી લખો.**

દૂર આશ્ચર્ય સુખ અજવાળું આકાશ ફૂલ પર્વત વૃક્ષ ડુંગર નજીક પાતાળ ઝાડ દુ:ખ નવાઈ પુષ્પ અંધારું

સમાનાર્થી શબ્દો

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________

વિરુદ્ધાર્થી શબ્દો

______________________ ______________________

______________________ ______________________

______________________ ______________________